## હા... સાહેબ !

"શરદ પૂનમની રાતલડી ને..!"

"ઓ હો... એટલામાં શરદપૂનમ આવી ગઈ..?!"

"સમય જતાં ક્યાં વાર લાગે છે..! હજુ તો હમણાં વરસાદ... નવરાત્રી... શ્રાદ્ધની વાતો કરતાં હતાં ને એટલામાં દુધપૌંઆ..?! અને હવે દિવાળી ને પછી ચૂંટણી..!"

"એક સવાલ પુછુ..?! પ્રમાણિક જવાબ આપજો હોં..!"

"પુછો... પુછો..!"

"તમને મઝા શેમાં પડશે..?! દિવાળીમાં કે ચૂંટણીમાં..!?!"

"મઝા તો બન્નેમાં પડશે..! જલસા પડશે બન્નેમાં... ફટાકડા યે બન્નેમાં ફોડવાના... અને નાસ્તાની જયાફતો પણ બન્નેમાં ઉડાડવાની..!!"

"... પણ એમાં નાનકડો તફાવત છે..!"

"દિવાળીમાં આપણા પૈસા અને ચૂંટણીમાં કો'કના પૈસા વપરાવાના..!!"

"હં...અ... સાહેબ મુળ વાત..! આ વખતે વિધાનસભા બેઠક દીઠ કેટલો ખર્ચ થશે એવું લાગે છે..?!"

"આવું તો પુછો જ નહિ... રેલમછેલ થવાની..!! ગણ્યા ગણાય નહિ... વિણ્યા વિણાય નહિ... તોય મારા ચૂંટણી ભંડોળમાં સમાઈ જાય..!!"

"... પણ એટલો બધો ખર્ચો શેમાં..?!"

"હજુ તમે ખેલ જોયા નથી..! અત્યારથી જ સોદા થવા મંડ્યા ને..?! કોઈક પેટા સમાજના... કોઈ મંદિર નિર્માણના... કોઈક રમત-ગમતની કીટના... કોઈ જમણવારના... અને એ પણ દાનેશ્વરી કર્ણની જેમ."

"તોયે તમારી ગણતરી શું..?!"

"જો ભાઈ..! આમ તો ચૂંટણીપંચે વિધાનસભાની બેઠક દિઠ ૨૮ લાખની મર્યાદા મુકેલ છે, પણ ખર્ચો થશે ત્રણ થી સાડા ત્રણ કરોડ દરેક ઉમેદવારનો..!"

"ઓ...હો...હો..! આ બધુ પંચને ખબર ના હોય..?!"

"બધુ બધાને ખબર હોય..! પણ કાગળ ઉપર બધા ચોખ્ખા..! ઈન્કમટેક્ષના રીટર્ન જેવું..!"

"ખરૂ છે હો..!"

"ખરૂ કે ખોટું..! થાય છે એટલે થાય છે..!! અને એમાં કોઈ દૂધે ધોયેલા નથી... ચૂંટણીના દસ દિવસમાં ૬૦ લાખનુ તો ચવાણુ વેચાય છે..! ચવાણું..! અને ચાલીસ-પીસ્તાલીસ લાખનો દારૂ વેચાય છે... દસ-બાર લાખના પેટ્રોલના ધુમાડા થાય છે..! અને બાકી પહેરામણીમાં જાય..!"

"સાહેબ મને તો ચક્કર આવે છે..! આ ખેલ જ સમજાતો નથી..! આટલા બધા પૈસા આવે ક્યાંથી..?! અને ખર્ચાય કેમ..?! આ તો ખુલ્લેઆમ મત ખરીદવાના જ ને..!?! આવું તો ચાલતુ હશે..?!"

"આવું જ ચાલે છે..!! લોકશાહીના મુલ્યોના નામે... આચાર સંહિતાના અમલના નામે... અને પ્રજા મતની સર્વોચ્ચતાના નામે વેપાર ચલાવે છે... મતનો વેપાર..!! બે-ત્રણ કરોડ રોકાણ કરો અને દસ-પંદર કરોડ કમાઈ લો..!!"

● અનુસંધાન પાન-૭ પર



ચિત્ર સ્પર્ધા - ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા સરકારી શાળાઓના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું.... સર્જનાત્મક શક્તિ ખિલવવાની ભાગરૂપે બાળકોને ચોક્કસ વિષય પર પોતપોતાની કલ્પનાઓ કંડારવાની તક આપી હતી... ગ્રામીણ વિસ્તારના બાળકોએ અદભૂત કલ્પનાશક્તિને કાગળ પર કંડારી હતી...

# સે-૨૧ જીમખાનાનુ ક્રિકેટ મેદાન તૈયાર કરવાનુ કામ શરૂ

### જીમખાનાનુ સ્ટેડિયમ એક વર્ષમાં તૈયાર કરી દેવાશે

ગાંધીનગર તા ૪

સે-૨૧ જીમખાનાના નવિનીકરણનુ કામ હાલ ચાલી રહયુ છે. વરસાદી દિવસોમાં કામ શરૂ કરવામાં વિલંબ થતા હાલ જીમખાના મેદાનને અનુલક્ષી ફાઉન્ડેશનનુ કામ હાથ ધરાયુ છે. સ્ટેડિયમને અદ્યતન બનાવવા ઉપરાંત નિષ્ણાંતોનો અભિપ્રાય લઈ પીચ તૈયાર કરાશે. જયારે ખેલાડીઓ માટે નવા રૂમ પણ બનાવાશે. આ કાર્યયોજના પાછળ રૂ ૧૫.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

સે-૨૧ માં જીમખાનાનુ મેદાન ક્રીકેટ પ્રેમીઓમાં આકર્ષણનુ કેન્દ્ર છે. જયારે ભુતકાળમાં પણ આ ઠેકાણે સ્થાનિક કક્ષાની ઘણી ક્રિકેટ મેચ રમાઈ છે. આગામી દિવસોમાં ક્રિકેટના રમતવીરોને યોગ્ય મેદાન મળે તેમજ ઉચ્ચ કક્ષાની મેચ આ

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરવાની વાતને વધુ એક ઝટકો

**પાટનગરમાં જ ઘન કચરાના નિકાલની સમસ્યા સત્તાવાહકો માટે હવે શિરદર્દ બની છે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની લેન્ડ ફિલ્ડ સાઈટનો મુદ્દો પુનઃ એક વખત જિલ્લાના રાજકીય માહોલને ગરમાવી ગયો છે.

પેથાપુર સાબરમતી નદી નજીકના વિસ્તારમાં પડેલી ખુલ્લી જમીનમાં લેન્ડ ફિલ્ડ સાઈટ ડેવલપ કરવા અંગેનો નિર્ણય કરી તે જગ્યાની ફાળવણી મહાનગરપાલિકાને કરવામાં આવી હતી.

રાજયમાં આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી આ નિર્ણયના અમલ માટે હાલ તો બ્રેક મારી દેવામાં આવી છે. પરિણામે હવે ગાંધીનગર મહાનગરપાલિકાની લેન્ડ ફિલ્ડ સાઈટનો મુદ્દો વધુ એક વખત અટવાઈ જવા પામ્યો છે.

પાંચ વર્ષથી પણ વધુ સમયથી ગાંધીનગર મહાનગરપાલિકાની લેન્ડ ફિલ્ડ સાઈટ ડેવલપ કરવામાં આવી રહી નથી. પહેલાં આ સાઈટ જીઆઈડીસી નજીક આવેલી હતી પરંતુ તે પણ ભરાઈ જતાં આ મામલો અટવાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા હાલ કચરાનો નિકાલ મુક્તિધામ નજીક કામચલાઉ નદીના કોતરો નજીક બનાવવામાં આવેલ સાઈટ પર કરવામાં આવી રહેલ છે. ત્યાં પણ કચરાનો ભરાવો થતાં હવે તેને

● અનુસંધાન પાન-૭ પર

## લેન્ડ ફિલ્ડ સાઈટના વિરોધમાં રસ્તા રોકો આંદોલન મોકુફ રખાયુ

### ભાજપના નેતાઓએ ખાત્રી આપતાં આંદોલન સમેટાયુ

ગાંધીનગર, તા. ૪

પેથાપુર નગરપાલિકા દ્વારા ગાંધીનગર મનપાની લેન્ડફિલ્ડ સાઈટ પેથાપુર નજીક નિયત કરવાના નિર્ણય સામે અપાયેલ રસ્તારોકો આંદોલન વાટાઘાટોને અંતે મુલ્તવી રાખવામાં આવ્યાનું નગરપાલિકાની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

આજે જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષ શાહ, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોક પટેલે આ મુદ્દે દરમ્યાનગીરી કરી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને તેમજ મહેસુલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ ઉગ્ર રજુઆતો કરી નિર્ણયને ગંભીરતાપૂર્વક પુનઃ વિચારણા કરવા જણાવ્યુ હતુ. આ આગેવાનોએ ચૂંટણીઓ નજીકમાં છે તેવા સમયે મતદારો તરફથી કડવો અનુભવ ના થાય અને કાયમી ધોરણે ઘન કચરાના નિકાલની સાઈટનો અમલ મોકુફ રાખવા જણાવ્યુ હતુ. ગાંધીનગર મહાનગરપાલિકાના સભ્ય નીતિનભાઈ પટેલે પણ પેથાપુર નગરના હીતમાં ટુંકમાં જ કારોબારીમાં સર્વાનુમતે લેન્ડ ફિલ્ડ સાઈટ રદ કરવામાં આવશે તેવી ખાત્રી આપતાં રસ્તા રોકો આંદોલન મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# પંચાયતની અપીલ સમિતિની બેઠક કોરમના અભાવે મુલત્વી રહેતાં રાજકારણ ગરમાયુ

### કારોબારી સમિતિના ચેરમેન સંકુલમાં મોડા આવી મોડી સાંજ સુધી બેઠા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક કોરમના અભાવે મુલત્વી રાખવામાં આવતા કંઈક નવા જ રાજકીય સમીકરણો ઉભા થઈ રહ્યાની વાતો સાથે પંચાયતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. હવે આ બેઠક નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં મળશે તેમ જાણવા મળેલ છે.

પંચાયતની અપીલ સમિતિના ચેરમેન તરીકે હોદ્દાની રૂએ પંચાયત પ્રમુખ હોય છે. આજે સમિતિના ચેરમેન આવી ગયા હતા પરંતુ સમિતિના અન્ય ચાર સભ્યોમાંથી એક પણ સભ્ય હાજર ન રહેતાં સમિતિની બેઠક મુલત્વી રાખવી પડી હતી.

સમિતિમાં સભ્યો તરીકે કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, બાંધકામ સમિતિના ચેરમેન અમૃતાબેન ઠાકોર અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એસ.એન. પરમાર તથા મહિલા સદસ્યા રમીલાબેન ચૌધરી છે. બેઠક કોરમના અભાવે મુલત્વી રહ્યાની જાહેરાત થયાની થોડીક જ મિનિટોમાં કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી પંચાયત સંકુલમાં આવ્યા હતા અને મોડે સુધી તેમની કામગીરી પણ કરી હતી.


● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદથી વાહન ખરીદનારને બે વાર આરટીઓના ધક્કા ખાવા નહીં પડે

ગાંધીનગર તા ૪

હવે અમદાવાદથી વાહન ખરીદનારા વાહનમાલિકોને બે વાર ગાંધીનગર આર ટી ઓ કચેરીના ધક્કા ખાવા નહીં પડે અગાઉ ગાંધીનગરથી વાહન ખરીદવાના કિસ્સામાં વાહન ચકાસણી તેમજ નંબર પ્લેટ ફીટીંગ માટે એમ બે વાર આર ટી ઓ કચેરી લાંબા થવુ પડતુ હતુ. વાહન વ્યવ્હાર વિભાગે હવે ડિલરાને ઈન્સ્પેકશન સર્ટીફિકેટ ગાંધીનગર આર ટી ઓમાં પણ ચાલશે જેથી વાહન માલિકોની હેરાનગતિનો અંત આવશે. શહેરમાં પૈડા પરના જનજીવનમાં ધમધમાટ વધ્યો છે. માર્ગો પર દોડતા વાહનોની સંખ્યા વધી છે. વાહન નોંધણીની કામગીરીમાં પાંચ વર્ષથી ૮૦ ટકા જેટલો વધારો થયો છે. વાહન માલિકોએ વાહન નોંધણી તેમજ એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરાવવા માટે એમ બે વાર ગાંધીનગર આર ટી ઓ કચેરી આવવાની ફરજ પડતી હતી. અગાઉ આ મામલે ગાંધીનગરના ડિલરોને ઈન્સ્પેકશન માટે સર્ટિફિકેટ આપવામાં આવ્યુ હતુ તેમ વાહન વ્યવ્હાર વિભાગે અમદાવાદના ૨૫ જેટલા ટુ વ્હીલરો તેમજ ફોર વ્હીલરોના ડીલરોને ઈન્સ્પેકશન સર્ટીફિકેટ આપવા માટે અધિકૃત કર્યા છે. ગાંધીનગરના નાગરિકો અમદાવાદથી વાહન ખરીદે તો અગાઉ તેમણે ભૌતિક ચકાસણી તેમજ એચ એસ આર પી નંબર પ્લેટ માટે બે વાર ગાંધીનગર આર ટી ઓ કચેરી આવવાની ફરજ પડતી હતી.


## તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકી (ભોજવીયા)**

જન્મ તારીખ : ૨૨-૦૨-૧૯૩૮ સ્વર્ગવાસ તારીખ : ૫-૧૦-૨૦૧૪

જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિં, છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ આપની અણધારી થઈ વિદાય યાદ અમારા દિલમાં રહેશે સદાય પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

**ગં.સ્વ. કુસુમબેન જાદવભાઈ સોલંકી**

લિ.

જગદીશચંદ્ર જાદવભાઈ સોલંકી / સોભના જગદીશચંદ્ર સોલંકી
જયશ્રીબેન પુનારામ દેવાંગન / રિશી પુનારામ દેવાંગન (દોહિત્ર)
રાજેશ જાદવભાઈ સોલંકી / દિપીકા રાજેશ સોલંકી
ગીતા મહેન્દ્રકુમાર ભારવા / મહેન્દ્રકુમાર ભારવા
હરેશ જાદવભાઈ સોલંકી / સુનિતા હરેશ સોલંકી
પરેશ જાદવભાઈ સોલંકી / પ્રતિમા પરેશ આચાર્ય
દુષ્યંત જગદીશચંદ્ર આચાર્ય / જીંદગી દુષ્યંત આચાર્ય
પાર્થ જગદીશચંદ્ર આચાર્ય / નેહા પાર્થ આચાર્ય

અમે સર્વે આપના હંમેશા ઋણી રહીશું

નિશિ ● ધ્રુવી ● ખુશી (દોહિત્રી) ● જૈનમ ● પ્રિયાંશી ● ત્રિશિવ ● ધ્રુવ (પ્રપૌત્ર)


# હાશ, હવે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા નહીં પડે..!

### પોલીસ સ્ટેશનને લગતા મોટા ભાગના કામો ઘરે બેઠા ઓનલાઈન થઈ શકે તે માટે રાજ્યમાં સીટીઝન પોર્ટલ લોન્ચ

ગાંધીનગર, તા. ૪

ડ્રાઈવર, ઘરઘાટી, ભાડુઆતની નોંધ કરાવવી હોય કે ચોરી થઈ હોય..! કોઈ ગુમ થયુ હોય કે ગુમ થયેલ વ્યક્તિઓની માહીતિ મેળવવી હોય..! એફઆઈઆરની કોપી લેવી હોય કે પોલીસ ચકાસણી પ્રમાણપત્ર અથવા ના વાંધા પ્રમાણપત્ર (એનઓસી) મેળવવું હોય..! આ કામોમાં પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈને સામાન્ય નાગરીકો કંટાળી જતા હોય છે. પણ હવે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા પડશે નહી.

વર્ષ-૨૦૧૬માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈ.ગુજકોપ પ્રોજેક્ટ હાથ પર લીધો હતો. આ પ્રોજેક્ટથી ગૃહ વિભાગ પેપરલેસની દિશામાં આગળ વધી રહ્યુ છે. નાગરીકોને વધુમાં વધુ ટેકનોલોજીના માધ્યમથી સુવિધા પુરી પાડવા પોલીસ સ્ટેશનના મોટા ભાગના કામ ઘરે બેઠા ઓનલાઈન થઈ શકે તેનુ પ્રયોજન કરવામાં આવ્યુ છે.



● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૯ માં દિવાળી ટાંણે પાણી ફોર્સથી ન આવતા આક્રોશ

ગાંધીનગર તા ૫

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. શહેરના સેકટરોમાં ઉબડ ખાબડ માર્ગો સાથે પાણી ગટર જેવી માળખાગત સુવિધાઓ પણ ખાડે ગઈ છે. સે-૨૯ માં છેલ્લા એક અઠવાડીયાથી ફોર્સથી પાણી ન આવતા સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. દિવાળીના તહેવાર ટાંણે એકબાજુ ગૃહીણીઓ સફાઈ કામ હાથ ધરીને બેઠી છે. ત્યારે પાણી પુરતા ફોર્સથી ન આવતા રહીશોમાં રોષ જોવા મળી રહયો છે.

શહેરમાં વધતી વસતી અને વિકાસ મુજબ છેલ્લા ઘણાં સમયથી પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. સેકટરની વસતી મુજબ પાણી વિતરણ વ્યવસ્થા પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરના નવા અને જુના સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ અનેકવાર ઉઠવા પામે છે. નવા સેકટરોમાં પણ કેટલાક ઠેકાણે પાણી ફોર્સથી ન આવતા રહીશોમાં રોષ પ્રવર્તયો છે. જયારે જુના સેકટરોમાં પણ પાણીની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બનતી જાય છે. સોસાયટીમાં કેટલાક મકાનોમાં પાણી ફોર્સથી આવતુ ન હોવાની ફરિયાદો ઉઠવા પામે છે.


**બેસણું**



મારા પિતાશ્રી **મિતેષભાઈ મંગળદાસ પટેલ** નું તા.૨૮-૯-૧૭ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા.૬-૧૦-૧૭ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં.૨૮૫/૪/એ, મનોરથ ફ્લેટ, ઘ-૬ કોર્નર, સે.૨૯, ગાંધીનગર**

યશ (ભોલુ) મિતેષભાઈ પટેલ (પુત્ર)
શૈલેષભાઈ મંગળદાસ પટેલ (ભાઈ) જયેશભાઈ મંગળદાસ પટેલ (ભાઈ)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
કાન્તિભાઈ નાથાભાઈ પટેલ (મુબારકપુરા, તા.કલોલ, જી.ગાંધીનગર)

**જોઈએ છે**

ઈ-ટેન્ડર ઓન લાઈનનાં ક્લાર્ક - ટેન્ડરના વર્ક માટે

મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫
મો. ૯૭૧૪૫ ૯૧૬૦૧

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર**

**જોઈએ છે.**

૧. B.Sc., B.Ed. ગણિત - વિજ્ઞાન શીખવી શકે તેવા શિક્ષક-૧ (ભાઈ/બહેન).

તા.૭/૧૦/૨૦૧૭ ને શનિવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે સ્વખર્ચે રૂબરૂ મુલાકાત માટે સ્વહસ્તાક્ષરે લખેલી અરજી અને ઓરીજીનલ પ્રમાણપત્રો અને તેની ઝેરોક્ષની નકલો સાથે હાજર રહેવું.

મેં. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી.
શ્રી સહજાનંદ ગુરુકુળ - કોટેશ્વર,
વાયા : મોટેરા, તા,જી : ગાંધીનગર.
ફોનનં. (૦૭૯-૨૩૯૬૯૩૯૮/૭૦).


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com